## પશુ વિજ્ઞાન કેન્દ્ર લીમખેડા ધ્વારા આદિવાસી સંશોધન–વ–તાલીમ કેન્દ્ર, દેવગઢ બારીયા ખાતે પશુઆહાર વ્યવસ્થાપનની તાલીમ

આદિવાસી સંશોધન–વ–તાલીમ કેન્દ્ર, દેવગઢ બારીયા ખાતે કાર્યરત પ્લાન યોજના " સ્ટ્રેન્ધનીંગ ઓફ પશુ વિજ્ઞાન કેન્દ્ર લીમખેડા અંતર્ગત તા.૩૧/૮/૨૦૧૭ના રોજ " પશુઆહાર વ્યવસ્થાપનની તાલીમ" વિષય ઉપર એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. સદર તાલીમમાં લીમખેડા તાલુકા માંથી ૪૩ પશુપાલક મહિલાઓએ ભાગ લીધેલ હતો.

કાર્યક્રમની શરૂઆતમાં પશુ વિજ્ઞાન કેન્દ્ર યોજનાના વડા ડૉ. ડી.સી. પટેલ, પ્રાધ્યાપકે પશુપાલક બહેનોનું શાબ્દિક સ્વાગત અને સંબોધન કર્યુ હતું તેઓએ તેમના વ્યાખ્યાન દરમ્યાન ઓછા ખર્ચે વૈકલ્પિક પશુઆહારનો ઉપયોગ કરી દૂધ ઉત્પાદન ખર્ચ ઘટાડવું, મિનરલ મિક્ષ્ચરના ઉપયોગ ધ્વારા વંધ્યત્વ નિવારણ, ઘાસચારાના ટુકડા કરી ઘાસચારનો બચાવ કરવા, બાયપાસ ફેટનો દૂધાળા પશુઓના દાણમાં ઉપયોગ કરી દૂધ ઉત્પાદન તેમજ દૂધમાં ચરબીના ટકા વધારવા વગેરેની ચર્ચા કરી અને અમલીકરણ ધ્વારા પશુપાલકોની આવક નજીકના ભવિષ્યમાં બમણી થાય તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. પશુઓની આડ પેદાશ–છાણનો ઉપયોગ કરી વર્મી કંમ્પોસ્ટ ખાતર બનાવવુ અથવા છાણના ઉપયોગ ધ્વારા ગોબર ગેસ પેદા કરી પશુપાલકને બળતણની સમસ્યાનું નિરાકરણ કરવાની સાથે સાથે પર્યાવરણનું પણ જતન કરવા પ્રોત્સાહીત કર્યા હતા.

ડૉ. ગુણવંત થોરાતએ લીલા ચારાની પોષક મૂલ્યતા વધારવા માટે સાયલેજ બનાવવાની અને સૂકાચારાની પોષક મુલ્યતા વધારવા યુરિયા પ્રકિયાની માવજત વગેરેની પધ્ધતિસર સમજણ આપી તેના ફાયદાની ચર્ચા કરી. વધુમાં તેઓએ રાજય સરકારની પશુપાલનની વિવિધ યોજનાઓની માહિતી આપી મહતમ લાભ લેવા ખેડૂતોને ભલામણ કરી હતી. દિપ્તીબેન પટેલે દૂધના મૂલ્યવર્ધન વિશે અને શ્રી જે.એમ.પટેલે પશુઆહારમાં લીલાચારાનું મહત્વ વિશે માહિતીગાર કરી આભાર વિધિ કરી.








